# શહેરમાં પવિત્ર રામનવમીની ઉજવણી

**શહેરમાં વહેલી સવારથી જ મંદિરોમાં ભાવીકોની ભીડ ઉમટી : લાંબી કતારોમાં ઉભા રહી ભગવાન રામના દર્શન કરી પૂજન વિધિ કરી ધન્યતા અનુભી હતી : રામનવમી પર્વે શહેરમાં બાઈકરેલી તથા બ્લડ ડોનેશન કેમ્પ પણ યોજાયા હતા**





ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર જિલ્લામાં પવિત્ર રામનવમીના પર્વે વિવિધ મંદિરો દેવાલયોમાં ભક્તિભાવપૂર્વક હર્ષોલ્લાસ સાથે ભાવિક ભક્તો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. શહેરના મંદિરોમાં સવારથી જ રામભક્તો ઉમટી પડ્યા હતા અને ભગવાન રામની પૂજન વિધિ, રામધૂન, ભજન-કિર્તનનો લાભ લીધો હતો. ભાવિકોની ભીડ વચ્ચે મંદિર પ્રાંગણ જયશ્રી રામના નારાથી ગુંજી ઉઠ્યા હતા. ઉપરાંત શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ દ્વારા રેલી અને બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ચૈત્રી નવરાત્રિના પવિત્ર દિવસો ચાલી રહ્યા છે. ઠેર ઠેર મંદિરો દેવાલયોમાં ભક્તો દ્વારા પૂજન અર્ચન કરવામાં આવી રહ્યું છે. આજે ચૈત્રી આઠમ અને રામનવમી હોવાથી નગરના ભાવિકોમાં અનેરો આનંદ જોવા મળ્યો હતો. રામનવમીના પાવન પર્વે ગાંધીનગર શહેરના મહત્વના મુખ્ય મંદિરો વહેલી સવારથી જ ભક્તો ઉમટી પડ્યા હતા. ભાવિકોએ મંદિરોમાં જઈ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનો લાભ લીધો હતો. બપોરે ૧૨ કલાકે રામ નવમી પર્વે મહાઆરતી કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેરમાં મંદિરો ઉપરાંત કેટલાક નગરજનોએ પણ પોતાના ઘરોમાં વિશેષ તૈયારીઓ કરી પૂજન-ભજન કિર્તન સાથે મર્યાદા પુરષોત્તમ રામની પૂજન વિધિ કરી ધન્યતા અનુભવી હતી. પરિણામે સવારથી નગરમાં ધાર્મિક વાતાવરણ સર્જાયુ હતુ.

પવિત્ર રામનવમી પર્વે શહેરમાં વિવિધ ધાર્મિક સંસ્થાઓ દ્વારા રામનવમીની પૂજા-વિધિ કરી વિશેષ બાઈકરેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે શહેરના જલારામ મંદિર સેક્ટર-૨૯ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયુ હતુ. જેમાં ૪૫ બોટલ રક્ત એકત્ર કરાયુ હતુ. વિવિધ ધાર્મિક કાર્યક્રમ વચ્ચે ભાવિકોએ ભાવપૂર્વક માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી.

# ...મોતના દરવાજે ઉભો છું ત્યારે સત્તા અને સંપત્તિ ધુંધળી દેખાય છે

## સ્વાદુપીંડના કેન્સર સામે ઝઝુમતા ગોવાના મુખ્યમંત્રી મનોહર પારિકરનો આત્મચિંતન કરતો પત્ર

ગાંધીનગર, તા. ૨૫

**સાદગીનો પર્યાય બની ચુકેલા અને સામાન્ય લાઈફ સ્ટાઈલને અપનાવી લોકચાહના મેળવનાર ગોવાના મુખ્યમંત્રી મનોહર પારિકર સ્વાદુપીંડના કેન્સર સામે જીંદગીનો જંગ લડી રહ્યા છે. પથારીવશ બની કેન્સર જેવા દર્દનો સામનો કરી રહેલા પારિકર હાલ વિદેશમાં સારવાર લઈ રહ્યા છે. જીવનની અંતિમ ઘડીઓ વચ્ચે મનોહર પારિકરે જન્મ અને મૃત્યુ વચ્ચેના જીવન અંગે ખુબજ સુંદર પત્ર લખ્યો છે અને ખરેખર જીવનમાં હસો-હસાવો અને ધન દોલત કરતા સંબંધોનું મહત્વ હોવુ જોઈએ એવું આલેખ્યું છે.**

**સ્વાદુપીંડના કેન્સરથી પીડિત વિદેશમાં હોસ્પિટલની પથારી પર સુઈ જીવન સામે ઝઝુમી રહેલા પૂર્વ કેન્દ્રીય મંત્રી અને વર્તમાનમાં ગોવાના મુખ્યમંત્રી મનોહર પારિકરે આત્મચિંતન કરતા પત્ર લખ્યો છે જેના અંશો આ પ્રમાણે છે......**



હું રાજનૈતિક ક્ષેત્રમાં સફળતાના અનેક શિખરોને અડ્યો છુ. બીજાની નજરે હું મારા જીવન અને પ્રસિદ્ધિને એક બીજાના પર્યાય બનાવી ચૂક્યો છુ. તેમ છતાં પણ મારા કામના અતિરેકથી કોઈ આનંદની વાત થાય તો કદાચ જ મને એ પ્રાપ્ત થઈ છે. આવુ કેમ ?

**પ્રસિદ્ધિ અને ધન-સંપત્તિને સર્વસ્વ માની લીધું હતું અને એના અહંકારમાં પોષાતો રહ્યો : આજે આનંદને શોધુ છું, જે જીવનમાં ગુમાવ્યો છે : સતત એકલા રાજકારણની પાછળ ભાગવાથી વ્યક્તિ અંદરથી ખોખલો બની જતો હોય છે, બરાબર મારી જેમ : જીવનમાં હંમેશા આનંદિત રહેવું અને બીજાને પણ રાખવા... આ જ સાચુ જીવન છે...**

જે રાજનૈતિક પ્રતિષ્ઠા, જેમાં હું સતત રમતો રહ્યો હતો તેની આદત પડી ગઈ હતી અને એ જ મારા જીવનની હકીકત બની ગઈ હતી.

આ સમયે જ્યારે બિમારીના કારણે પથારીવશ પડ્યો છુ. મારો અતિત સ્મૃતિ પટલ પર તરતો જોઈ રહ્યો છુ. જે ખ્યાતિ પ્રસિદ્ધિ અને ધન સંપત્તિને મેં સર્વસ્થ માની લીધુ હતુ એના જ વ્યર્થ અહંકારમાં પોષાતો રહ્યો. આજે જ્યારે પોતાને મોતના દરવાજે ઉભો જોઈ રહ્યો છુ ત્યારે બધુ ધુંધળુ થતું દેખાઈ રહ્યું છે અને સાથે જ એની નિરર્થકતા લાગતી અનુભવી રહ્યો છુ.

આજે જ્યારે મોત ક્ષણ-ક્ષણ મારી પાસે આવી રહી છે ત્યારે મારી આજુબાજુ ચારેબાજુ લીલા પ્રકાશથી ટમટમતા જીવનની જ્યોત વધારતા અનેક તબીબ ઉપકરણો જોઈ રહ્યો છુ. એ યંત્રોમાંથી નિકળતો અવાજ પણ સાંભળી રહ્યો છુ. આની સાથે સાથે મને પોતાની બાહોમાં લપેટવા નજીક આવી રહી રહેલા મૃત્યુના પગરવ પણ સાંભળી રહ્યો છુ.

હવે ધ્યાનમાં આવી રહ્યું છે કે ભવિષ્ય માટે જરૂરી પુંજી જમા થઈ જાય છે પછી દોલત સંપત્તિથી પણ વધારે મહત્વપૂર્ણ હોય તે કરવુ જોઈએ. જે કદાચ સંબંધોને સાચવવા સંભાળવા અથવા સમાજ સેવા કરવાનુ હોઈ શકે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતની આજે સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે સામાન્ય સભા મળશે. જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષપદે મળનાર આ બેઠકમાં પંચાયતનું ૨૦૧૮-૧૯નું વાર્ષિક અંદાજપત્ર તથા મનરેગાનું લેબર બજેટ રજુ કરી મંજૂર કરવામાં આવશે.

**પંચાયતનું તેમજ મનરેગાનું લેબર બજેટ રજુ કરાશે : આરોગ્ય-શિક્ષણ અને કૃષિલક્ષી બજેટ રજુ કરી મહિલા સશક્તિકરણની નવી પહેલ કરનારૂ પુરાંતલક્ષી બજેટ**

જિલ્લા પંચાયતના સરદાર હોલમાં બપોરે ૧૧ વાગે મળનારી આ બેઠકને લઈ જિલ્લામાં રાજકીય ઉત્તેજનાઓ જોવા મળી રહી છે. આ સામાન્ય સભામાં વિપક્ષ દ્વારા જ પ્રશ્નો રજુ કરવામાં આવ્યા છે અને તે પણ થોડાક જ પ્રશ્નો રજુ થતાં ઘીના ઠામમાં ઘી પડી જશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લા પંચાયતની આ સામાન્ય સભામાં જુદી જુદી સમિતિઓની મળેલ બેઠકોની કાર્યવાહી નોંધને બહાલ રાખવા ઉપરાંત દહેગામ અને ધમાસણાના બિયારણ કેન્દ્રોની મુદત વધારવાના કામોને એજન્ડામાં સમાવવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા પંચાયતની સામાન્ય સભા તોફાની બનશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભા તોફાની બની રહેશે તેવા સંકેતો રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં સભ્યોના વિસ્તાર વિકાસ માટે અપાતી ગ્રાન્ટમાં જે બજેટ બુક બનાવાઈ છે તેમાં માત્ર રૂ. ૧ લાખની ટોકન જોગવાઈ કરવામાં આવી છે તેને લઈ સભ્યોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

આ ઉપરાંત રામાજી ઠાકોરની વહીવટીય પદ્ધતિ સામે કોંગ્રેસ તેમજ વિપક્ષના સભ્યોમાં ભારે નારાજગી પ્રવર્તતી જોવા મળી રહી છે. તેમની વહીવટીય કાર્યપદ્ધતિને કારણે ચાલુ નાણાંકીય વર્ષમાં મહિલા-બાળકલ્યાણ સમિતિ, આરોગ્ય સમિતિ સહિતની ઘણી બધી સમિતિઓમાં જે સ્વભંડોળમાંથી જોગવાઈ કરાઈ હતી તે વાપરી શકાઈ નથી.

આ ઉપરાંત તાજેતરમાં ગાંધીનગર તાલુકા પંચાયતમાં બનેલી ઘટનાઓના પગલે પણ સભ્યોમાં નારાજગી જોવા મળી રહી છે અને તેનો સીધો પડઘો આજની બેઠકમાં પડે તેવા સંકેતો મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે અધિકારીઓ ચેરમેનોની સૂચનાનું પાલન નહિ કરતા હોવા અંગેની લેખિત અને મૌખિક ફરિયાદો પછી પણ કોઈ પગલાં લેવામાં નહિ આવતા હોવાના મુદ્દે સભ્યો તડાપીટ બોલાવે તેવી સંભાવનાઓ છે.

આજની આ બેઠકમાં જિલ્લા પંચાયતના મકાનને લઈ પણ સભ્યો દ્વારા કેટલાક મુદ્દા ઉપસ્થિત કરાશે. આ ઉપરાંત તંત્રના કેટલાક અધિકારીઓ દ્વારા ચાલી રહેલી મનમાની સામે પણ સભ્યો રોષ વ્યક્ત કરે તેવી સંભાવનાઓ વધુ છે.

# જિલ્લા પંચાયત દ્વારા હવે નવજાત શિશુને વધાવવા મમતા કીટ અપાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા હવે પછી જન્મ લેનાર તમામ ભૂલકાઓને મમતા કીટ આપી અને જન્મ વધામણા કરાવશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયત દ્વારા સ્વભંડોળમાંથી આ ખર્ચ કરવામાં આવશે. આ માટે આજે રજુ થનારા બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાનના નવા પર્યાય તરીકે આ મમતા કીટને જોવામાં આવી રહી છે. આ કીટમાં ઘી-ખજૂર ઉપરાંત આરોગ્ય વિષયક દવાઓનો સમાવેશ કરવામાં આવશે.

એક કીટ પાછળ રૂ. ૨૫૦નો ખર્ચ થવાનો અંદાજ છે. જિલ્લામાં સરેરાશ ૨૭ હજાર જેટલા બાળકો દર વર્ષે જન્મ લેતા હોય છે.

આ મમતા કીટ આપવા માટે ચૂંટાયેલા સભ્યો સાથે તબીબી અધિકારી ટીમ બનાવીને જશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં પ્રા.આ. કેન્દ્રોના પ્રસુતિગૃહોના આધુનિકરણ માટે પણ દસ લાખ જેટલી માતબર રકમની ફાળવણી સ્વભંડોળમાંથી કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રા.આ. કેન્દ્રોની મરામત માટે પણ ખાસ જોગવાઈ કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

# જિલ્લામાં મનરેગા હેઠળ ૧૯ કરોડ ખર્ચાશે

**સિંચાઈ, વન તેમજ જળસ્ત્રાવ એકમ દ્વારા ૨૩૮ જેટલા કામો સૂચવવામાં આવ્યા**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં મનરેગા પાછળ રૂ. ૧૯ કરોડ ૪૦ લાખનો ખર્ચ કરી છ લાખથી વધુ માનવદિન રોજગારી પુરૂ પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે.

સિંચાઈ, વન તેમજ જળસ્ત્રાવ એકમ દ્વારા ૨૩૮ જેટલા કામો સૂચવવામાં આવ્યા છે. આ ઉપરાંત આંગણવાડી તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના થકી માનવદિન રોજગારી ઉભી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ ૧૩૨૬ કામો કરવાનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ યોજના હેઠળ આયોજન કરેલ કામો પૈકી રૂ. ૧૧૪૫.૪૯ લાખ બિનકુશળ ગ્રામીણ રોજગારોને રોજગારી પેટે તથા માલસામાન પેટે રૂ. ૭૯૫.૦૩ લાખ કર્ચ કરવાનો અંદાજ પત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. આમ કુલ (લાખ) રૂ. ૧૯૪૦.૫૩ લેબર બજેટ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં ૬૦૨૮૯૪ સંભવિત માનવદિન ઉત્પન્ન કરવાનું આયોજન કરેલ છે.

તેમજ ગાંધીનગર જિલ્લાને કુલ ૩૪ આંગણવાડીનો લક્ષ્યાંક ફાળવેલ છે જેનું કુલ રકમ ૨,૩૭,૩૨,૦૦૦ થાય છે. જેમાં મટેરીયલ ખર્ચ ૧,૬૬,૧૨,૦૦૦ તેમજ મજુરી ખર્ચ ૭૧,૨૦,૦૦૦ કુલ માનવ દિન ૩૭,૦૮૩ ઉત્પન્ન કરવાનું આયોજન કરેલ છે. જેમાં કુલ ૬૮,૦૦,૦૦૦ મહિલા અને બાળ વિકાસ દ્વારા ફાળવવામાં આવશે. અને ૧,૬૯,૩૨,૦૦૦ મનરેગા યોજના અંતર્ગત ખર્ચ કરવામાં આવશે.

તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લાને વધારાનો ૨૨૩ આવાસોનો લક્ષ્યાંક મનરેગા લેબર બજેટમાં સમાવેશ કરવામાં આવેલ છે અને કુલ લક્ષ્યાંકમાં ગાંધીનગર તાલુકાએ વધારાના લક્ષ્યાંક પૈકી ૯૪ આવાસનો સમાવેશ અત્રેથી લેબર બજેટમાં કરેલ છે. આમ ગાંધીનગર જિલ્લાના પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કુલ ૩૧૭ લક્ષ્યાંક દીઠ ૯૦ દિવસની રોજગારી ઉત્પન્ન થતી હોઈ કુલ ૨૮૫૩૦ દિવસની રોજગારીનું લેબર બજેટ વર્ષ ૨૦૧૮-૧૯માં સમાવેશ કરેલ છે.

# જિલ્લામાં ૨૨૫૦ ક્વીન્ટલ ઘઉંની ટેકાના ભાવે ખરીદી થઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં આજ સુધીમાં ૨૨૫૦ ક્વીન્ટલ જેટલી ઘઉંની ખરીદી ટેકાના ભાવે સરકાર દ્વારા કરવામાં આવી છે.

૧૫મી માર્ચથી ઘઉંની ટેકાના ભાવે સરકાર દ્વારા ખરીદી શરૂ કરવામાં આવી છે. હજુ જિલ્લામાં માત્ર દહેગામ ખાતે જ આ ખરીદ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યુ છે.

જિલ્લામાં જે રીતે ઘઉંની આવક બજારોમાં થઈ રહી છે તે જોતાં આગામી દિવસોમાં અન્ય ખરીદ કેન્દ્રો પણ શરૂ કરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે. જો કે નવા ખરીદ કેન્દ્રો ૧લી એપ્રિલ પછી જ શરૂ થશે તેવા પણ સંકેતો મળી રહ્યા છે. જિલ્લામાં ૨૬ હજાર હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં ઘઉંની ખેતી થઈ હતી અને વિક્રમી ઉત્પાદન થયાના અંદાજો છે.

## ગાંધીનગર મહાનગરપાલિકા
## ભરતી અંગેની જાહેરાત

ગાંધીનગર મહાનગરપાલિકાની નીચે મુજબની મંજુર થયેલ જગ્યાઓ ભરવા માટે વેબસાઈટ http://ojas.guj.nic.in પર જાહેરાત પ્રસિદ્ધ કરી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. સંબંધિત ઉમેદવારો તા. ૨૭/૩/૨૦૧૮ (૧૪-૦૦ કલાક)થી તા. ૧૦/૪/૨૦૧૮ (૨૩-૫૯ કલાક) દરમિયાન Online અરજીઓ કરી શકે છે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | આરોગ્ય અધિકારી | ૦૫ | ૯ | સેનેટરી ઈન્સ્પેક્ટર | ૦૯ |
| ૨ | સેનીટેશન સુપ્રિન્ટેડેન્ડ | ૦૧ | ૧૦ | સીનીયર ક્લાર્ક | ૧૦ |
| ૩ | જુનીયર ટાઉન પ્લાનર | ૦૨ | ૧૧ | ટેક્ષ ઈન્સ્પેક્ટર | ૦૭ |
| ૪ | ઝોનલ અધિકારી | ૦૧ | ૧૨ | સબ ઓડીટર/સબ એકાઉન્ટન્ટ | ૧૦ |
| ૫ | વેટરનરી ઓફીસર | ૦૨ | ૧૩ | સર્વેયર/ડ્રાફ્ટમેન | ૦૫ |
| ૬ | વહીવટી અધિકારી | ૦૨ | ૧૪ | પ્લાનીંગ આસીસ્ટન્ટ | ૦૪ |
| ૭ | ક્લાર્ક | ૫૦ | ૧૫ | ઈલેક્ટ્રીકલ ડેટા પ્રોસેસીંગ મેનેજર | ૦૧ |
| ૮ | સેનેટરી સબ ઈન્સ્પેક્ટર | ૧૬ | ૧૬ | સીસ્ટમ એનાલીસ્ટ/ સીનીયર પ્રોગ્રામર | ૦૧ |

તારીખ : ૨૨/૩/૨૦૧૮
સ્થળ : ગાંધીનગર
માહિતી/૩૦૨૬/૧૭-૧૮

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

## ઓપન ઈન્ટરવ્યુ
## શ્રી ઋતુવિરાજ આશ્રમ શાળા

(અનુસૂચિત જાતિ માટે)
સ્થળ : મુ. લવારપુર, તા.જી. ગાંધીનગર

ના.નિ./અજાક/આશા/૧૭-૧૮/૧૬૩૨ તા. ૧૦/૮/૨૦૧૭થી મળેલ N.O.C. માટે વિદ્યા સહાયક (શિક્ષક)ની ભરતી માટે ના.નિ./અજાક/આશા/૧૭-૧૮/૪૭૭૦ તા. ૧૭/૩/૨૦૧૮ પત્રથી ઓપન ઈન્ટરવ્યુ વિદ્યાસહાયક-૨ (શિક્ષક) માટે તા. ૨૮/૩/૨૦૧૮ના રોજ બપોરે ૩-૦૦ કલાકે રાખેલ છે. તો સ્વખર્ચે ઉપસ્થિત રહેવા વિનંતી છે.

લાયકાત : ધોરણ-૧૨ પાસ P.T.C., B.A./B.Ed.
● TET પાસ હોવું જરૂરી છે.

**અનુ.જાતિના બાળકોને સાચવવા/ભણાવવા તેમજ સંસ્થા પર ૨૪ કલાક રહેવું ફરજીયાત છે.**

નોંધ : નવા શૈક્ષણિક સત્ર ૨૦૧૮/૧૯ માટે અનુ.જાતિના ગરીબ વિદ્યાર્થીઓને રહેવા / જમાવ / ભણવા ફ્રી સુવિધા છે. જેથી ૧લી એપ્રીલથી ૧ર થી ૪માં પ્રવેશ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com